# 4. ગોપાળબાપા

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :

**1) "આ તમારી પડખેના દીપડા ન રંજાડે તોય ઘણું છે." – આ વાક્ય કોણ બોલે છે?**

(A) મહારાજા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ

(B) ગુરુ માંડણ ભગત

(C) ગોપાળદાસ

(D) પેશ્વા સરકાર

**2) મહારાજા સયાજીરાવમાં કઈ શક્તિ હતી ?**

(A) જાનવરના સગડ પારખવાની

(B) ખોટા રૂપિયા પારખવાની

(C) હીરા પારખવાની

(D) માણસને પારખવાની

**3) તુલસીશ્યામ જવા-આવવાના માર્ગે શિવાલય કોણે બંધાવ્યું હતું ?**

(A) ગાયકવાડ સરકારે

(B) પેશ્વા સરકારે

(C) ગુરુ માંડણ ભગતે

(D) ગોપાળબાપાએ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**4) ગોપાળબાપા શાનો વેપાર કરવા ઇચ્છતા હતા ?**

(A) અમરફળ જેવા બોરનો

(B) આંબાની કેરીનો

(C) કોલસાનો

(D) હરિનામનો

## 2. કારણ આપો.

**1) ગોપાળબાપાએ શિવાલયની પૂજા કરવાની ના પાડી દીધી, કારણ કે....**

- ગોપાળબાપાએ શિવાલયની પૂજા કરવાની ના પાડી દીધી, કારણ કે તેઓ એમ માનતા હતા કે આપણે સૌ મૂર્તિઓ જ છીએ. આ મૂર્તિઓને રહેવાની જગ્યા નથી મળતી ત્યાં વળી પથ્થરની મૂર્તિઓને કયાં પધરાવવી ?

**2) ગોપાળબાપા શીંગોડા નદીનાં કોતરો ખરીદવા ઇચ્છતા હતા, કારણ કે...**

- ગોપાળબાપા શીંગોડા નદીના કોતરની જમીન ખરીદવા ઇચ્છતા હતા, કારણ કે એ કોતરોનું તળ સાચું છે. એની અંદરના ગાળામાં પાણીના ધરા ભરેલા હોય છે. ગમે ત્યાં આઠ હાથ સુધી ખોદતાં જ પાણી નીકળે છે. આ જમીન વિશેષ પ્રકારની છે. એ શીંગોડા નદીના પાણીના મારને કોઈક રીતે રોકીએ તો આ કોતરોમાં બનારસી લંગડો પાકે અને ગરીબોનાં અમરફળ જેવાં બોર ઢગલેઢગલા ઊતરે તેમ છે.

## 3. નીચેના પ્રશ્નોના સાત-આઠ વાક્યોમાં ઉત્તર લખો.

**1) “ગોપાળબાપા” પાઠને આધારે સયાજીરાવ ગાયકવાડ વિશે સાત-આઠ વાક્યો લખો.**

- મહારાજ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડની ગોપાળબાપા સાથેની વાતચીત દરમિયાન જ્યારે ગોપાળબાપા “તમારી પડખેના દીપડા ન રંજાડે તોય ઘણું છે" એમ સયાજીરાવને કહે છે, ત્યારે પોતાનાં સૈનિકો વિશે ઘસાતું બોલનાર ગોપાળબાપાને કોઈ ઠપકો કે સજા આપતા નથી. સયાજીરાવની માણસને પારખવાની શક્તિ ગજબ હતી. ગોપાળબાપા પ્રામાણિક અને નિષ્ઠાવાન છે એમ જાણી સયાજીરાવ ગાયકવાડે એમને કોતરની જમીન લખી આપી. ઉપરાંત, ખેતી-ખાતા તરફથી મદદની ખાતરી આપી. ગોપાળબાપાએ અપૂજ મંદિરનો બંદોબસ્ત કરવાની ના પાડી,

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

તોપણ તેમને એ વાતનું માઠું નથી લાગતું, પણ મૂર્તિને નામે ત્યાં સૌને આશરો મળે એવું સૂચન કરે છે. એમાં સયાજીરાવની વિનમ્રતા દેખાય છે. વળી, સયાજીરાવને ગોપાળબાપાના ગુરુ માંડણ ભગત વિશે જાણવાનું કુતૂહલ જાગે છે. માંડણ ભગતનું ઉમદા ચરિત્ર જાણીને સયાજીરાવ ગાયકવાડ 'વાહ!' બોલી ઊઠે છે.

આમ, સયાજીરાવ ગાયકવાડ માણસપારખુ, ઉદાર, નમ્ર તેમજ પ્રજાવત્સલ રાજપુરુષ હતા.

## 2) ગોપાળબાપાનું પાત્રાલેખન કરો.

- ગોપાળબાપા નિષ્ઠાવાન, નીડર અને મહેનતુ ખેડૂત હતા. મહારાજ સયાજીરાવ ગાયકવાડ સાથે વાતચીત દરમિયાન એમની આમન્યા રાખે છે, પણ પોતાના વિચારોને એ નીડરતાથી સયાજીરાવ પાસે રજૂ કરે છે. ગોપાળબાપાએ સયાજીરાવને સૂચન કર્યું કે કોતરની જમીન પર શીંગોડા નદીના પાણીના મારને રોકી શકાય, તો ત્યાં બનારસી લંગડો કેરી અને ગરીબો માટે અમરફળ જેવાં બોર ઢગલેઢગલા ઊતરે છે. આ સૂચનમાં એમનું ખેતીવિષયક જ્ઞાન અને ગરીબોનું ભલું કરવાની ભાવના દેખાય છે. "તમારી પડખેના દીપડા ન રંજાડે તોય ઘણું છે" એમ નીડરતાથી સયાજીરાવને તે કહી પણ શકે છે. કોતરના છેડે આવેલા એક જીર્ણ શિવાલયમાં પૂજાનો બંદોબસ્ત કરવા સંબંધી સયાજીરાવના સૂચનનો પણ તેઓ નમ્રતાથી અસ્વીકાર કરે છે, તો સયાજીરાવના સૂચનને સહર્ષ વધાવી ત્યાં ધર્મશાળા બંધાવવાનું વચન પણ આપે છે.

  ગોપાળબાપા મૈત્રીધર્મ પણ સારી રીતે નિભાવી જાણે છે. એમાં ક્યાંય દિલચોરી નહિ, ક્યાંય સ્વાર્થવૃત્તિ નહિ, ક્યાંય બેવફાઈ પણ નહિ. ગુરુ માંડણ ભગતની આજ્ઞાથી હરિનામનો જ વેપાર કરનાર ગોપાળબાપા એક નિ:સ્વાર્થ, પરોપકારી અને સાચા સમાજસેવક હતા. સાચું જીવતર જીવતા ગોપાળબાપા આપણી સંત-પરંપરાના વારસદાર જેવા લાગે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in